### પાટણમાં આનંદીબેન દ્વારા આક્રમક ચુંટણી પ્રચાર

# પાટીદાર અનામત આંદોલન કોંગ્રેસ પ્રેરિત : આનંદીબેન પટેલ

## મહેસાણામાં આનંદીબેન પ્રચારમાં : પાટીદાર સમાજને પણ યોગ્ય બાબતો સમજાઈ ગઈ છે, જેથી તેઓ પરત ફર્યા



અમદાવાદ, તા.૨૪

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે મહેસાણામાં આક્રમક ચુંટણી પ્રચાર કરીને કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સાથે-સાથે એમ પણ કહ્યું હતું કે, જો હું અનામત આપું તો મારે જેલ ભેગા થવાનો વારો આવી શકે છે.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પાટીદાર સમાજની નારાજગીના વચ્ચે આજે ઉત્તર ગુજરાતના મહેસાણા તથા પાટણમાં રોડ શો યોજાયો હતો. જ્યાં તેમણે પાટીદારોના વિરોધનો પણ સાથ તો કરવો પડ્યો હતો. આ ઉપરાંત તેમણે રાધનપુરમાં એક જાહેર સભાને સંબોધન કર્યુ હતું. જેમાં તેમણે કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે પાટીદાર સમાજને અનામતના રવાડે ચડાવવાનું કામ કોંગ્રેસ કર્યું છે. રાધનપુરમાં ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે અનામત મુદે મારે સમાજ આપણી વિરુદ્ધ થઈ ગયો છે. પરંતુ અનામત એ તો બંધારણની જોગવાઈ મુજબ જેને મળી છે. તેમાં વધારો કે ઘટાડો સરકાર ન કરી શકે. જે કંઈ સુધારા વધારા કરવાના આવે તે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ જ કરી શકે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો હું તેમાં સુધારો વધારો કરૂ તો મારે જેલભેગા થવાનો વારો આવે જો કે મારા સમાજને અનામતને રવાડે ચડાવવાનું કામ કોંગ્રેસનું છે અને પાટીદાર સમાજને પણ આ બાબતની જાણ થઈ ગઈ હોવાથી તેઓ પરત આવી રહ્યા છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર, ખેડા અને આણંદ વિસ્તારમાં કોંગ્રેસ લોકોને ડફેરનો ડર બતાવીને ઉજાગરા કરાવતી હતી અને ભય ફેલાવતી હતી. પરંતુ લોકો સમજી ગયા હતા કે આ કાવતરૂ કોંગ્રેસનું છે. કોંગ્રેસ લોકોને ભરમાવી રહી છે અને ભાજપ વિરુદ્ધ ધણા ષડયત્ર કરી રહી છે.

# સુંદરપુરમાં દુષ્કર્મની ફરિયાદની અદાવત રાખી હુમલો કરતા ૧૧ વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૪

ઈડર તાલુકાના સુંદરપુર ગામે શનિવારે અગાઉ દુષ્કર્મની ફરિયાદની અદાવત રાખી ૧૧ જણાના ટોળાએ ગેરકાયદે મંડળી રચી એક મહિલાની આબરૂ લેવાનો પ્રયાસો કર્યો હતો તથા તેણીના ગળામાંથી બે તોલા સોનાનો દોરો લૂંટી લીધો હતો તેમજ એક શખ્સને ઉપાડી જવામાં આવ્યો હતો. તેમજ અન્ય એક શખ્સને પણ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડવામાં આવી હતી. જે અંગેની ફરિયાદ રવિવારે જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સુંદરપુર ગામે શનિવારે દુષ્કર્મની થયેલી ફરિયાદની અદાવત રાખી સુંદરપુર તથા જાલીયા ગામના ૧૧ જણા એક કાર તથા બાઈક પર આવી તેને રસ્તામાં મુકી દીધી હતી. ત્યારબાદ મારો, કાપોની બૂમો પાડી મણીલાલની કારને નુકશાન પહોંચાડયુ હતું. ત્યારબાદ ત્રણ શખ્સોએ એક મહિલાની આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ તેણીના ગળામાંથી રૂા.૨૦ હજારના સોનાના દોરાની લૂંટ કરી નાખી હતી.

ઉપરાંત મણીલાલને કારમાં તથા હર્ષ નામના એક શખ્સને બાઈક પર ઉપાડી જવાયા હતા. ત્યારબાદ મણીલાલને તથા અન્ય બે જણાને ઈજા પહોંચાડી હતી. જે અંગે સુંદરપુરના ચેતનાબેન મણીભાઈ ચૌધરીએ ૧૧ જણા વિરૂધ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# સહકારી પ્રવૃતિએ ગ્રામ્ય પ્રજાનું જીવનધોરણ સુધાર્યુ

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્ષોથી ચાલી આવતી સહકારી પ્રવૃતિએ ગામડાની પ્રજાના જીવનધોરણમાં અનેકગણો સુધારો કરીને તેમની આર્થિક ઉન્નતિ કરવામાં સિંહફાળો આપ્યો છે એમ તાજેતરમાં મોડાસા કોલેજના ભામાશા હોલમાં જિલ્લા સંઘના ઉપક્રમે યોજાયેલ સહકારી કાર્યકરોની પરિષદમાં ઉચ્ચારાયા હતા.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા સંઘના ઉપક્રમે દિવાળી બાદ મોડાસા કોલેજના ભામાશા હોલમાં યોજાયેલ બંને જિલ્લાના સહકારી કાર્યકરોની પરિષદને સંબોધતા જિલ્લા સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયે જણાવ્યુ હતું કે ગામડાઓમાં ખેડૂતોને કૃષિ ધિરાણ મળી રહે તે માટે સહકારી સંસ્થાઓએ સિંહફાળો આપ્યો છે, તેના લીધે ખેડૂતો અને પશુપાલકોનું જીવનધોરણ ખૂબ જ ઉંચુ આવ્યુ છે.

ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેન જેઠાભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પટેલ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન ખેમાભાઈ પટેલ તથા અન્ય અગ્રણીઓએ જિલ્લામાં સહકારી પ્રવૃતિના પ્રણેતા એવા કપિલભાઈ કોટડીયા, શંકરભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, ગણપતભાઈ ત્રિવેદી, ભુરાભાઈ પટેલ અને અંબુકાકાને યાદ કરીને તેમના સહકાર ક્ષેત્રના વિચારોની સરાહના કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા સંઘના માનદ મંત્રી ધુળાભાઈ પટેલ અને એકઝીકયુટીવ ગોપાલભાઈ ઉપાધ્યાય, મેનેજર યશવંતભાઈ જોષી અને રામાબેન ખરાડીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# મેઘરજના ત્રણ ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો : ૪ની ધરપકડ : ૨ ફરાર

ઈસરી, તા. ૨૪

મેઘરજ તાલુકાના ત્રણ જુદા જુદા ગામે મેઘરજ પોલીસે ચેકીંગ દરમિયાન વગર પાસ પરમીટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જેમાં ૪ બુટલેગરોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે બે આરોપી બુટલેગરો પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. આ મામલે મેઘરજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ચાલી રહી છે. ત્યારે દારૂનો કાળો કારોબાર કરતા બુટલેગરો પણ બેફામ બન્યા છે. બીજી તરફ પોલીસે પણ સઘન ચેકીંગ હાથ ધરી બુટલેગરોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. આ દરમિયાન મેઘરજ તાલુકાના કચડા કંભરોડા અને હિરાટિંબા ગામે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી છે.

મેઘરજ પોલીસે કચડા ગામની સીમમાંથી મારૂતિ કાર નં. જીજે.૧-એચઈ.૫૪૨૩ માંથી વિદેશી દારૂના જથ્થા સાથે આરોપી ચંદુ ભુરા મારીવાડ (રહે. જીતપુર, માલપુર) અને રત્ના જાલા ડામોર (રહે. લીંબોદરા, મેઘરજ)ની ધરપકડ કરી હતી. જ્યારે કંભરોડા ગામની સીમમાંથી મેઘરજ પોલીસે મોટરસાઈકલ નં. જીજે-૯.સી.સી.૨૦૯૨માંથી રૂ. ૨૦,૩,૮૦૦નો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. જ્યારે આરોપી લક્ષ્મણ વીરા બારીયા ઝડપાઈ ગયો હતો અને કાળુ વીરા બારીયા નાસી છુટ્યો હતો. પોલીસે આ બન્ને બનાવમાં આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત મેઘરજના હિરાટિંબા ગામે પોલીસે વિદેશી દારૂની બાઈક પર હેરાફેરી કરતા આરોપીને ૬૬ નંગ બિયર કિંમત રૂ. ૬,૬૦૦ના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. આરોપી અમરત રત્ના ડામોર નાસી છુટ્યો હતો અને રમેશ ધીરા ડામોરને પોલીસે ઝડપી પાડ્યો હતો.




# શામળાજીમાં કાર્તિકી પૂનમના પરંપરાગત લોકમેળાનો આરંભ





શામળાજી, તા.૨૫

અરવલ્લી જિલ્લાના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં કાર્તિકી પૂર્ણિમાને પરંપરાગત લોકમેળાનો મંગળવારથી પ્રારંભ થયો હતો. ત્રણ દિવસ કાર્તિકી પૂનમના દિવસે લાખો સંખ્યામાં ભકતો પવિત્ર નાગધરામાં સ્નાન કરી ધન્યતા અનુભવશે. અરવલ્લની ગિરીમાળાઓમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મારવાડ, મધ્યપ્રદેશામંથી લાખ્ખો ભકતો કાળિયા ઠાકોરના દર્શનાર્થે ઉમટી પડશે.

શામળાજીમાં આવેલ કાળિયો ઠાકોર તથા નાગધરાકુંડનો વિશેષ મહિમા રહેલો છે. આદિવાસી સમાજના લોકોમાં એવી માન્યતા રહેલી છે કે જે લોકો કાયમ માટે બિમાર રહેતા હોય, તબીબી સારવાર લેવા છતાંય બીમાર રહેતા હોય અને રોગ ન મટતો હોય તો શામળાજી ખાતે કારતક સુદ-૧૪ની રાત્રે આ નાગધરા કુંડમાં ઠંડા પાણીથી નવડાવવામાં આવે અને બિમાર વ્યકિતના ધારણ કરેલા કપડાં અહીંયા નાખી દઈ, નાહી-ધોઈને નવા કપડા પહેરીને હાથમાં અગરબત્તી શ્રીફળ લઈને કાળિયા ઠાકોરના દર્શન કરવામાં આવે છે. આ ત્રણ દિવસ પરંપરાગત ભરાતા ભવ્ય લોકમેળામાં વિદેશી સહેલાણીઓ પણ ઉમટી પડે છે.

શામળાજીના નાગધરાકુંડની વહીવટીતંત્ર દ્વારા સફાઈ કરી લાખો ભકતોની શ્રધ્ધા સાથે સ્વચ્છ કુંડના પાણી દ્વારા ભકતો સ્નાન કરે તેવા ઉમદા હેતુથી કાર્તિકી પૂર્ણિમાના લોકમેળા અગાઉ નાગધરાકુંડની સફાઈ પૂર્ણ કરવામાં આવી હતી.

# વાવકંપા પાસે ઈન્ડીકા કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ઈસરી, તા. ૨૫

મેઘરજના વાવકંપા પાસે મેઘરજ પોલીસે બાતમીના આધારે ઈન્ડીકા કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે પર પ્રાંતિય બુટલેગરને ઝડપી પાડ્યો હતો અને દોઢ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાન તરફથી ઈન્ડિકા કાર નં. જીજે-૨-એસી-૮૭૬૦માં વિદેશી દારૂનો જથ્થો મોડાસાના વાવકંપામાં આવી રહ્યો છે જે હકિતના આધારે ઈસરી પોલીસના પી.એસ.આઈ. ભાટીએ સ્ટાફના માણસો સાથે વાવકંપા ગામે નાકાબંધી કરી ઈન્ડીકા કારને ઝડપી પાડી હતી.

## કલાકારો ખફા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરેશ રાવલે પણ આમિરની જોરદાર ઝાટકણી કાઢી હતી. નિર્દેશક રામગોપાલ વર્મા, અભિનેતા અને ભાજપ સાંસદ પરેશ રાવલ, અભિનેતા અને ભાજપ સાંસદ મનોજ તિવારીએ પણ આકરી પ્રતિક્રિયા આપીને આમિર ખાનની ઝાટકણી કાઢી છે. રામગોપાલ વર્માએ ટ્વીટર ઉપર આમિરના નિવેદન સામે વાંધો ઉઠાવતા કહ્યું છે કે જો આમિર, શાહરૂખ અને સલમાન જે મુસ્લિમ છે તેઓ હિન્દુ દેશમાં સૌથી મોટા સ્ટાર બની શકે છે તો અસહિષ્ણુતાનો માહોલ ક્યાં છે તે વાત સમજાતી નથી. હિન્દુની બહુમતિ ધરાવતા દેશમાં જો ત્રણ મુસ્લિમ સૌથી મોટા સુપરસ્ટાર બની શકે છે તો આનાથી મોટા દાખલા કોઈ હોઈ શકે નહીં. પરેશ રાવલે પણ કહ્યું છે કે, આમિર જેવા વ્યક્તિએ આ પ્રકારના નિવેદન કરવા જોઈએ નહીં. એક સાચા દેશભક્ત વ્યક્તિએ ભારત અને પોતાની માતૃભૂમિને છોડવાની વાત કરવી જોઈએ નહીં. આ પ્રકારના નિવેદનથી વિખવાદની સ્થિતિ વધશે તે બાબત પાકી છે.

## શ્રમ કાયદા

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમાં એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ એન્ડ મિસલેનિયસ પ્રોવિઝન એક્ટ ૧૯૫૨, એમ્પલોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એક્ટ-૧૯૪૮, એમ્પલોઈઝ કમ્પન્સેશન એક્ટ ૧૯૨૩, પેમેન્ટ ઓફ ગ્રેજ્યુએટી એક્ટ ૧૯૭૨ અને મેટરનિટી બેનિફિટ એક્ટ ૧૯૬૧નો સમાવેશ થાય છે.

સત્તાવાર સુત્રોએ વિગત આપતા કહ્યું છે કે, સરકાર શ્રમ કાયદાઓને ખૂબ જ સરળ બનાવવા માંગે છે. કાયદાઓને સરળ બનાવીને કર્મચારીઓ અને વર્કર્સ બન્નેને મોટો ફાયદો થશે. સાથે-સાથે કંપનીના માલિકો માટે પણ નિયમો સરળ રહેશે. આજે મંત્રાલય દ્વારા ટ્રેડ યુનિયનો સાથે વાતચીત કરવામાં આવી હતી. કર્મચારીઓના પ્રતિનિધિઓ સાથે પણ વાતચીત થઈ હતી. સંબંધિત કાયદાઓમાં કેવા પ્રકારના ફેરફાર કરવામાં આવી રહ્યા છે તે અંગે સોશિયલ સિક્યોરિટી કવરને લઈને હવે કર્મચારીઓ આશાવાદી દેખાઈ રહ્યા છે.

## ભારે વરસાદથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજુ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તમિળનાડુમાં નુકશાનનો આંકડો ૮૪૮૧ કરોડ રૂપિયાનો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી જયલલિતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તાત્કાલિક ધોરણે રાહત કામગીરી હાથ ધરવા માટે બે હજાર કરોડ રૂપિયા જારી કરવા અપીલ કરી છે.જયાની અપીલના કલાકો બાદ સરકારે ૯૪૦ કરોડથી વધુ રકમ જારી કરી હતી. પહેલી ઓક્ટોબર ૨૦૧૫ બાદથી વરસાદ સંબંધિત જુદા-જુદા બનાવોમાં ૧૬૯ લોકોના મોત થઈ ચુક્યા છે. બિનસત્તાવાર રીતે મોતનો આંકડો આના કરતા પણ વધારે છે. તમિલનાડુમાં ભારે વરસાદના કારણે અભૂતપૂર્વ નુકશાન થઈ ચુક્યું છે.રાજયમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરૂપે નુકશાન ખૂબ વધારે થયું છે. રોગચાળાની દહેશત પણ પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં તરત પગલા જરૂરી બન્યા છે. બિન સત્તાવાર રીતે મોતનો આંકડો ૨૦૦થી પણ ઉપર છે. ચેન્નાઈમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી વધુ વરસાદ માસિક રીતે નોંધાયો છે. નવેમ્બરના પ્રથમ ૨૦ દિવસમાં જ અભૂતપૂર્વ વરસાદ થયો હતો. નીચાણવાળા વિસ્તારોમાં હજુ પણ હાલત કફોડી છે. વીજ પુરવઠાને સામાન્ય બનાવવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. જનજીવન હવે ધીમે ધીમે રાબેતા મુજબ બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. જો કે સરકાર સામે કેટલાક પડકારો હજુ રહેલા છે. જે પૈકી એક રોગચાળાને રોકવા માટેનો છે. લાખો લોકો હજુ મુશ્કેલ સ્થિતીનો સામનો કરી રહ્યા છે. હેલિકોપ્ટર, નૌકા અને અન્ય સાધનોની મદદથી લોકોને સુરક્ષિત જગ્યાએ લઈ જવામાં આવી રહ્યા છે. ભારે વરસાદ જારી રહેતા ટ્રેન સેવાને પણ અસર થઈ છે. તમિળનાડુના ચાર જિલ્લા કુડ્ડાલોર, ચેન્નાઈ, કાંચીપુરમ અને થિરુવલ્લુરમાં છેલ્લા થોડાક સપ્તાહોમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભારે વરસાદના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા છે. ચાર લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

## ચૂંટણી સંગ્રામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાસભ્ય અને પૂર્વમંત્રી શ્રી વાડીભાઈ પટેલના વતન સરઢવના પૂર્વ સરપંચના પત્ની અને વિલેજીત પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન શ્રીમતિ ઉષાબેન પટેલ ચૂંટણી જંગમાં ભાજપ તરફથી તો સુશીલાબેન પટેલ રૂપાલના કોંગ્રેસના કર્મઠ કાર્યકર્તા કે.ડી. પટેલના પરિવારના સભ્ય છે.

આ બેઠક પર ભાજપ કોંગ્રેસનો સીધો જંગ છે અને કાર્યકર્તાઓની એક આગવી ઓળખ આ બેઠક બની હોઈ પરિણામ વિશે કંઈ પણ કહેવુ વહેલુ છે. બન્ને પક્ષો અહિ પ્રચાર અભિયાનમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે.

કુડાસણની સામાન્ય બેઠક પર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે ત્રિપાંખિયા જંગમાં ઝુકાવ્યું છે. હીનાબેન પટેલ એક સૌમ્ય અને સંઘર્ષશીલ, કાર્યકર્તા તરીકેની આગવી ઓળખ ધરાવે છે. એટલુ જ નહિ સંગઠ્ઠનમાં પણ તેઓ માહિર ગણાય છે. મિત્રમંડળના રાજકારણના તેઓ અચ્છા ખેલાડી છે અને સંબંધોને સાચવનાર તરીકેની ઓળખ ધરાવે છે.

બીજી તરફ કોંગ્રેસના શ્રી બેચરજી ઠાકોર પણ રાયસણ ગામના સરપંચ છે અને તેઓ પણ સંગઠ્ઠન અને સામાજિક ક્ષેત્રે એક આગવી ઓળખ ધરાવે છે. શ્રી બેચરજી ઠાકોર એક વહીવટકર્તા તરીકેની પણ ઓળખ ધરાવતા યુવા અગ્રણી છે.

બસપાના ઉમેદવાર પણ આ બેઠક માટે જંગમાં છે જોકે તેઓ તેમનું પ્રચાર અભિયાન અત્યંત ધીમુ ચલાવી આ ત્રિકોણીય જંગમાં નિર્ણાયક પરિબળ તરીકે ઉપસી રહ્યા છે.

ત્રિપાંખીયા જંગમાં બન્ને મુખ્ય પક્ષો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાનની સાથે સાથે પ્રચાર અભિયાનના બે રાઉન્ડ સંપન્ન કરી લીધા છે. બન્ને મુખ્ય પક્ષો દ્વારા છેલ્લા બે દિવસોમાં કાર્યકર્તાઓની તાકાત જોડી અને ચૂંટણીના માહોલનો ગરમાવો લાવવામાં સફળ થયા છે.

આ બેઠક પર ૧૨,૮૮૪ મહિલા મતદારો એ મુખ્ય પાસુ છે. તાલુકાની નવે બેઠકમાં બીજા ક્રમે મહિલા મતદારો આ બેઠક પર નોંધાયેલા છે. આ બેઠક પર પ્રચાર અભિયાનમાં મહિલા સશક્તિકરણના મુદાઓ છવાયેલા જોવા મળી રહ્યા છે. આ બેઠક પર મુસ્લીમ મતદારો પણ છે અને અન્ય જ્ઞાતિના મતદારો પણ વિશાળ સંખ્યા ધરાવતા હોવાથી પરિણામ માટે રાજકીય પંડિતો મતદાનના ટ્રેન્ડ પર આધાર રાખી રહ્યા છે.

ઉવારસદની બેઠક પર બન્ને પક્ષના પાયાના કાર્યકર્તાઓ મેદાનમાં છે અને તેમના પ્રચારમાં પણ કાર્યકર્તાઓ દિલથી લાગેલા છે. ગાંધીનગર(દ)ની બેઠકના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરનું વતન ટીંટોડા આ વિસ્તારમાં છે. અહિ ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓનો રાજકીય સંઘર્ષ જોવા જેવો જામ્યો છે. બન્ને પક્ષો વિજય માટે આશાવાદી છે.

ઝુંડાલની બેઠક પર ભાજપના કાર્યાલય મંત્રીશ્રી નરસિંહભાઈ પણ કર્મચારી અગ્રણી એલ.એસ. પરમાર સામે ત્રિકોણીય જંગ લડી રહ્યા છે. આ બેઠક પર અપક્ષ ઉમેદવાર બન્ને પક્ષોને ક્યાં કેટલા પ્રમાણમાં નુકશાન કરે છે તેના પર પરિણામનો આધાર છે.

બન્ને પક્ષો તરફથી અહિ કાર્યકર્તાઓ વધુ આક્રમક પ્રચાર અભિયાન ચલાવી રહ્યા છે. મિત્રમંડળનું રાજકારણ આ બેઠક પર વધુ જોવા મળી રહ્યું છે. સિમાંકનમાં નવી બનેલી આ બેઠક હોવાથી રાજકીય આગેવાનોને વ્યુહરચના તૈયાર કરવામાં વધુ વ્યસ્તતા દાખવી છે એટલુ જ નહિ અહિ કાર્યકર્તાઓની મહેનત જ પરિણામનું મુખ્ય પાસુ બનશે.

વાવોલ બેઠક પણ નવી સિમાંકનમાં બની છે. વાવોલના થયેલા વિકાસને લઈ આ બેઠક પર વાવોલમાં નોંધાયેલા મતદારો વધુ હોવાથી વાવોલ નામ અપાયુ છે. આ બેઠકને અડાલજ સાથે જોડવામાં આવેલ છે. આ બેઠક પર પ્રચાર માટે ઉવારસદને ક્રોસ કરી જવુ પડે છે. સિમાંકનમાં આ વિવાદ ઉઠ્યો હતો પરંતુ તેને ધ્યાને લેવામાં આવ્યો ન હતો.

આદિવાસી માટે અનામત બેઠક છે. આ બેઠક પર ભાજપે મહિલા ઉમેદવારને મેદાનમાં ઉતારેલ છે તો કોંગ્રેસ પક્ષે નિવૃત્ત અધિકારીને મેદાનમાં ઉતાર્યા છે. વાવોલના સોસાયટી વિસ્તારમાંથી બન્ને ઉમેદવારો આવી રહ્યા છે.

જો કે આ બેઠક પર મતદારોમાં ઉદાસીનતા જરૂર છે અને અકળ પણ છે પરંતુ કાર્યકર્તાઓની મહેનત આ બેઠકના પરિણામનો આધારસ્તંભ બનશે.

આમ આ પાંચેય બેઠક પર કાર્યકર્તાની કૌશલ્યતાની કસોટી અને મિત્રમંડળના રાજકારણનો અનોખો જંગ ખેલાઈ રહ્યો છે.

## ખેડૂત વિરોધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિરોધી બની છે અને ખેડૂત વિરોધી બની છે. તેમણે કોંગ્રેસ છોડી જનારાઓને પણ આ ચૂંટણીમાં જાકારો આપવા જણાવ્યું હતુ.

આ સભાને કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી લાખાભાઈ ભરવાડ, પ્રદેશ મહામંત્રી શ્રી નીશિત વ્યાસ, પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ, જિલ્લા નિરીક્ષક શ્રી બળદેવ લુણી, જિલ્લા પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનોએ સંબોધી હતી.

સ્વાગત પ્રવચન જિલ્લાના અગ્રણીશ્રી જશુભા રાણાએ કર્યુ હતુ. જ્યારે આભારવિધિ ડૉ. કૌશિકભાઈ શાહે કરી હતી.

## દબાણોનો અડ્ડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે વેપારીઓએ પણ હાલાકી ભોગવવી પડે છે.શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં જ પાર્કીંગ સુવિધાના નામે મીંડુ ચિતરાયુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે અન્ય કોર્મશિયલ વિસ્તાર આસપાસ પણ આવી જ સ્થિતિ છે. સે-૨૧ માં નવા પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરાયા છતા આ સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી. પાર્કીંગ પ્લેસ પરથી દબાણો દુર નહીં થાય ત્યાં સુધી આ સમસ્યા યથાવત રહેશે. જયારે દબાણો દુર કરવા ઉપરાંત શહેરમાં પાર્કીંગ વ્યવસ્થા યોગ્ય નહીં કરવામાં આવે ત્યાં સુધી શહેરને સ્માર્ટ સિટી બનાવવાની વાત પણ સ્વપ્ન સમાન જ હોવાનો આક્રોશ પણ સેવાઈ રહયો છે.

## ગુલમોર (૪ પાનાનું ચાલુ...)

ભંગાણના આરે આવીને ઉભા રહી જાય છે.

દરેક સંબંધમાં ગિવ એન્ડ ટેક ફોર્મ્યુલા ન હોવી જોઈએ, એમ ભલે કહેવાય પરંતુ સંબંધમાં એકમેકને જરુર પડે ત્યારે મદદનો હાથ અવશ્ય લંબાવી શકાય. જયારે સાવ નજીકની વ્યક્તિ જ જો પોતાના પ્રિયજન તરફ સહાયનો હાથ લંબાવે નહીં, તો એથી મોટી કમનસીબી બીજી કોઈ નથી. જયારે આવું બને કે વ્યક્તિને મોરલ સપોર્ટ અથવા કોઈ પણ પ્રકારના સપોર્ટની જરુર પડે ત્યારે જ પ્રિય વ્યક્તિ પોતાનો હાથ છોડાવી લે અને અદૃશ્ય થઈ જાય, તો પછી એવા સંબંધમાં અવશ્ય પંકચર પડી જતું હોય છે.

જયારે બે વ્યક્તિ પરસ્પર પ્રેમ અને વિશ્વાસ સાથે જોડાય છે, ત્યારે બેઉ પક્ષે એકમેક તરફથી સુરક્ષા મળે એવી અપેક્ષા કેન્દ્રમાં હોય જ છે. આવી અપેક્ષા રાખવી એ કંઈ ખોટું નથી. પરંતુ જયારે કોઈ એક વ્યક્તિને બીજી વ્યક્તિની હાજરી હોવા છતા અસુરક્ષા મહેસુસ થાય અથવા સામી વ્યક્તિ તરફથી રાખવામાં આવેલી સુરક્ષાની અપેક્ષા પુરી જ ના થાય ત્યારે પછી એવા સંબંધનો પણ કોઈ અર્થ રહેતો નથી. સંબંધમાં સુરક્ષા એટલે કોઈ વ્યક્તિને એવો અહેસાસ ના જ થવો જોઈએ કે સામી વ્યક્તિ ગમે ત્યારે પોતાને છોડી દેશે. આવી અસુરક્ષા જન્મે ત્યાં જ સંબંધની મજબુતી ખતમ થવા માંડે છે. પ્રિય વ્યક્તિને લાઈફટાઈમ બોન્ડિંગનો પણ અહેસાસ કરાવતા રહેવું જોઈએ.

બે વ્યક્તિ એકમેક સાથે જોડાય એમાં (૧) લાઈકિંગ, (૨) હોબી, (૩) હેબિટ્સ, (૪) ફેશન એમ ઘણી બધી બાબતોની સમાનતા જોવા મળતી હોય છે. એકમેકના ગમા-અણગમા, શોખ વગેરે સરખા હોય ત્યારે જ રિલેશનશીપમાં બોન્ડિંગ વધુ મજબુત પણ બને છે. આ સંજોગોમાં બે વ્યક્તિ એકમેકની પ્રેરણા અવશ્ય બનવાં જોઈએ. પરંતુ જો વ્યક્તિ એકમેકને તેનાં કામકાજમાં પ્રોત્સાહન, પ્રેરણા, મદદ અને માર્ગદર્શન જ ના આપે તો એનો અર્થ એવો જ થાય કે એક વ્યક્તિની ગતિ-પ્રગતિમાં બીજી વ્યક્તિને કોઈ રસ જ નથી અથવા સામી વ્યક્તિ માત્ર એવો રસ હોવાનો દેખાડો જ કરી રહી છે. આવા સંબંધને ટકાવી રાખવો એ જ મુર્ખતા છે. જે વ્યક્તિ પોતાની ગમતી વ્યક્તિ માટે પ્રેરણા ન બની શકે અને માર્ગદર્શન ના આપી શકે તો એવી વ્યક્તિ સાથે સંબંધનો અંત લાવવો જ શાણપણની નિશાની છે.

સંબંધની મજબુતીમાં સૌથી વધુ મહત્વ પ્રત્યાયનનું છે. બે વ્યકિત વચ્ચે અસરકારક કોમ્યુનિકેશન તો આંખોની ભાષા અને મૌનની ભાષા છે. એક વ્યકિત પોતાની ગમતી વ્યક્તિની આંખો જોઈને અને તેના ચહેરા ઉપર છવાયેલું મૌન જોઈને જ બધું સમજી જાય તો એના જેવી સંબંધની સફળતા બીજી કોઈ ન હોઈ શકે. જો કે એનો અર્થ એવો નથી કે સંબંધમાં શબ્દો કે બોલચાલનું મહત્વ જ નથી. સંબંધમાં ગેરસમજને પણ સ્થાન ના હોઈ શકે. આથી બે વ્યક્તિ વચ્ચે કોમ્યુનિકેશન પણ અગત્યનું છે. કોઈ મતભેદ હોય તો વાતચીત દ્વારા ઉકેલ લાવી શકાય છે. પરંતુ વાતચીત વગર જ કોઈ વાત ધારી લેવી અને ધારેલી વાતને વળગી રહેવું એ ઉચિત નથી.

સ્ટોપરઃ- ‘તું દિલમાં રહે છે,
ને દિલ તારામાં રહે છે.’

- દિનેશ દેસાઈ

## નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

‘તમે બહારથી આવો છો?’

‘હાં, હું પાલનપુરથી આવું છું.’

‘અંદર આવો.’

શિવાની પેલી સ્ત્રી સાથે અંદર પ્રવેશી. ડ્રોઈંગરુમમાં સોફામાં તેને બેસાડી પેલી સ્ત્રીએ શિવાનીને પાણીનો ગ્લાસ આપ્યો અને પછી પુછ્યું.

‘એ તમારા કંઈ સંબંધી...?’

શિવાની શું જવાબ આપે. અપરિચિત સ્ત્રીને શું કહેવું કે પ્રણવ સાથે મારે શું સંબંધ હતો.

‘હાં, એવું જ સમજો.’

‘મેડમ, મને અફસોસ છે કે પ્રણવભાઈ હવે આ દુનિયામાં નથી. ત્રણ મહિના પહેલાં તેમનો દેહાંત થઈ ગયો. વિદેશથી તેમના દીકરાઓ એ આવી દાહ-સંસ્કાર અને ક્રિયા-કરમ કરી આ મકાન વેચીને એ જતા રહ્યા. આ મકાનમાં અમે રહીએ છીએ.’

શિવાનીનો ચહેરો ફિક્કો પડી ગયો. હાલત એવી થઈ કે કાપો તો લોહી ન નીકળે. તેને એમ લાગ્યું કે જાણે પગ નીચેથી જમીન સરકી ગઈ. ફાટી આંખે તે અજાણી અપરિચિત સ્ત્રીની તરફ જોતી રહી. અને પોતાની અંદર આ સમાચારને પચાવવાની હિંમત એકઠી કરતી રહી. જે હમણાં જ આ સ્ત્રીએ તેને આપ્યા હતા.

- vanvihari@gmail.com